ગાંધીનગરસમાચાર

સેકટરોમાં એલઈડી લાઇટો ડુલ રહેતા અંધારપટ્ટથી સ્થાનિક રહીશો ત્રસ્ત

સ્માર્ટસીટીની દરખાસ્ત કેન્દ્રને મોકલવા કમિશનરને સત્તા

આજે મળેલી સ્થાયી સમિતિમાં નિર્ણય લેવાયો

૮ જેટલા પ્રોજેક્ટો સૂચવવામાં આવે તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૧૬

સ્માર્ટસીટી પ્રોજેક્ટના ત્રીજા તબક્કામાં ગાંધીનગર મહાનગર પાલિકાની દરખાસ્ત મોકલવાની સત્તા અને પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવાની સત્તા મ્યુનિ. કમિશનરને સોંપવાનો નિર્ણય સ્થાયી સમિતિએ કર્યો છે.

આજે સ્થાયી સમિતિની મળેલ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. દરખાસ્ત પ્રોજેક્ટ રિપોર્ટ સાથે રજુ કરવાની અંતિમ તારીખ ૩૧ માર્ચ છે.

આ ત્રીજા તબક્કામાં સ્માર્ટસીટીને લઈ પ્રજાજનોના સૂચનો મેળવવામાં થયેલા વિલંબને પગલે હજુ દરખાસ્ત અને પ્રોજેક્ટ રિપોર્ટને આખરી ઓપ આપી શકાયો નથી. હજુ એકાદ સપ્તાહ જેટલો સમય લાગશે તેમ મનાઈ રહ્યુ છે.

આ સંજોગોમાં આજે સ્થાયી સમિતિની આજે બોલાવાયેલ બેઠકમાં તે માટેની સત્તા કમિશનરને સોંપવામાં આવે છે તેવો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગરમાં હાથ ધરવાના પ્રોજેક્ટો અંગે સરકારના શહેરી વિકાસ વિભાગ સાથે પરામર્શ ચાલી રહ્યો છે તેવા સંકેતો મળ્યા છે. આ પ્રોજેક્ટોને બહાલી મળી જતાં જ દરખાસ્તને તાબડતોબ આખરી ઓપ આપી તે રવાના કરવામાં આવશે. હાલ વિધાનસભાનું સત્ર ચાલી રહ્યુ હોવાથી એકાદ સપ્તાહ જેટલો સમય લાગશે તેમ શહેરી વિકાસ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.

અંદાજે રૂ. ૨૦૦ કરોડના ૮ જેટલા પ્રોજેક્ટ મુકવામાં આવે તેવી સંભાવનાઓ છે.

ગરમીનું કાઉન્ટ-ડાઉન : ઉનાળાના આગમનના એંધાણના પગલે આંખના રક્ષણ માટેના ગોગલ્સના વેચાણ માટે ઠેર ઠેર વિક્રેતાઓ ગોઠવાયા છે... ગાંધીનગરના માર્ગો પર ઉનાળાના તડકા અને આંધી પવનથી આંખને બચાવવા વિવિધ રંગો-પ્રકારના ગોગલ્સ ઉપલબ્ધ બની રહ્યા છે... જોકે સામાન્ય નાગરિકોને ઉનાળાની સીઝન પુરતા અને પરવડે એવી કિંમતમાં મળતા આવા ગોગલ્સ ખરીદવાનો માહોલ ધીમે ધીમે જામતો જાય છે... ઉનાળાની આગમનની સાથે જ શહેરના રાજમાર્ગો પર આવેલી ફુટપાથો પર આવી હંગામી હાટડીઓ લાગી જાય છે...

ખનીજ રોયલ્ટીની ૨૧.૩૭ કરોડની આવક ખનીજ ચોરીના ૫૮૩ કેસ નોંધાયા

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર જિલ્લામાં ખનિજ રોયલ્ટી અન્વયે બે વર્ષમાં રૂ ૨૧.૩૭ લાખની આવક થઈ છે. જયારે આ રોયલ્ટી પૈકી માટીની ૨.૭૯ કરોડ અને રેતીની ૧૮.૫૭ કરોડની આવક સરકારે મેળવી છે. જયારે ખનીજ ચોરીમાં બિનઅધિકૃત ખનન તથા લીઝ કારરખત અને શરતભંગના ગેરરીતીના કિસ્સાઓ જોવા મળ્યા છે. જેના અંતે ૧.૪૯ કરોડની ખનીજ ચોરી પકડાઈ છે. ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ખનીજ ચોરીના ૫૮૩ કેસ નોંધાયા છે. જયારે દંડ વસુલીમાં સરકારને રૂ ૮૮૭.૬૮

વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

કેરીનું આગમન - દસ મહિનાના વિરામ બાદ બજારમાં કેરીનું આગમન થતાં સ્વાદરસિકોમાં આનંદની લાગણી પ્રસરી છે... પ્રતિવર્ષની જેમ માર્ચના ત્રીજા સપ્તાહમાં મહારાષ્ટ્રના રત્નાગીરી વિસ્તારમાંથી કેરી અમદાવાદ, વડોદરા અને સુરત જેવા મોટા શહેરોમાં ઠલવાય છે... કેરીના ચાહકો પહેલી કેરીનો રસ ખાધાનો સંતોષ મેળવે છે... જોકે ગુજરાતની એટલે કે વલસાડની કેરી એપ્રિલના પહેલા સપ્તાહમાં સમગ્ર ગુજરાતમાં છવાઈ જાય છે... વલસાડી હાફુસ અને તોતા કેરી આજે પણ ગુજરાતમાં એટલી જ લોકપ્રિય છે... જ્યારે એપ્રિલના અંતમાં ગુજરાતની પ્રસિદ્ધ કેસર કેરીના આગમન સાથે જ આખુ ગુજરાત રસમય બની જશે...

ધો-૧૨ સામાન્ય પ્રવાહમાં ઈતિહાસનુ પેપર લેન્ધી લાગ્યું

ઇતિહાસ વિષયની પરીક્ષામાં ૨૧ અને તત્વજ્ઞાનમાં ૧૨૭ પરીક્ષાર્થીઓ ગેરહાજર રહયા

ગાંધીનગર તા ૧૬

બાર્ડની પરીક્ષાના બીજા દિવસે આજે સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થીઓએ તત્વ વિજ્ઞાન અને ઇતિહાસ વિષયની કસોટી આપી હતી. જિલ્લામાંથી ૩૮૮ વિદ્યાર્થીઓએ ઇતિહાસની પરીક્ષા આપી હતી જયારે ૨૧ વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા હતા. તત્વજ્ઞાન વિષયની કસોટીમાં પણ ૧૨૭ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. ધોરણ -૧૦ માં આજે વિજ્ઞાન અને ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં રસાયણવિજ્ઞાનની પરીક્ષા લેવાશે. જિલ્લામાં પરીક્ષા દરમિયાન હજુ સુધી કોઇ કોપી કેસ નોંધાયો ન હોવાનુ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

ગઇકાલથી શરૂ થયેલી બોર્ડ પરીક્ષાના પ્રારંભે ધોરણ-૧૦ માં ગુજરાતી અને ધોરણ -૧૨ માં ભૌતિકવિજ્ઞાનનુ પેપર પણ સરળ નિકળતા વિદ્યાર્થીઓ પરીક્ષાના પ્રારંભે જ ખુશહાલ જોવા મળ્યા હતા. પરીક્ષાની મૌસમ નિખરતા પરીક્ષાર્થીઓ હાલ વિષય મુજબ પરીક્ષાની તૈયારીમાં ગળાડુબ છે. ગુરુવારે ધોરણ -૧૦ માં એકપણ વિષયની પરીક્ષા ન હતી. જયારે ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહમાં વિદ્યાર્થીઓએ તત્વજ્ઞાન અને ઇતિહાસની પરીક્ષા આપી હતી. તત્વજ્ઞાન વિષયની પેપર સરળ નિકળતા વિદ્યાર્થીઓમાં હર્ષની લાગણી વ્યાપી હતી. ઇતિહાસનુ પેપર વિદ્યાર્થીઓએ વધુ લેન્ધી હોવાનુ જણાંવ્યુ હતુ. પરીક્ષા દરમિયાન એક પણ કોપી કેસ નોંધાયો ન હોવાનુ શિક્ષણતંત્રના સુત્રોએ જણાંવ્યુ છે. ધોરણ -૧૦ માં શુક્રવારે વિજ્ઞાન અને ધોરણ -૧૨ માં રસાયણવિજ્ઞાનની કસોટી વિદ્યાર્થીઓ આપશે. પરીક્ષાના પ્રારંભે પ્રશ્નપત્ર સરળ નિકળતા વિદ્યાર્થીઓ હાંશકારો અનુભવી રહયા છે.

ગુડાની નવી આવાસ યોજનાના ફોર્મ ૧૯મી સુધી સ્વીકારાશે

ગાંધીનગર, તા.૧૬

ગુડા દ્વારા આવાસ યોજનાના ફાર્મ સ્વીકારવાની મુદત ફરિએકવાર લંબાવવામાં આવી છે. ગુડાની નવી આવાસ યોજના અન્વયે ગુડા હવે આગામી તા ૧૯ માર્ચ સુધી ફોર્મ સ્વીકારશે. લાભાર્થીઓને જરૂરી આધાર પુરાવા રજુ કરવાના હોવાથી ગુડા દ્વારા આ મુદતમાં ફેરફાર કરવામાં આવ્યો હોવાનુ પણ ગુડાના સુત્રોએ જણાંવ્યુ છે.

શેહરી વિકાસ સત્તા મંડળ દ્વારા નવા એમ આઈ જી અને એલ આઈ જી આવાસો બાંધવાનુ કામ હાથ ધરવામાં આવશે. લાભાર્થીઓને પોતાનુ મકાન મળે તેવા આશયથી ગુડા દ્વારા બીજા તબક્કામાં નવા આવાસો તૈયાર કરવા માટે કાર્યયોજના હાથ ધરવામાં આવી છે. અગાઉ આ આવાસ યોજના સંદર્ભે લાભાર્થીઓ માટે તા ૧૬ માર્ચ સુધી ફોર્મ ભરપાઈ કરવાનો સમય નિયત કરાયો હતો. જો કે આ તારીખમાં પણ ફેરફાર કરી મુદત્ત લંબાવામાં આવી હતી. જયારે હવે લાભાર્થીઓને ધ્યાને લઈ ગુડા દ્વારા આગામી તા ૧૯ માર્ચ સુધી ફોર્મ સ્વીકારવાનુ નિયત કરાયુ છે. ગુડાના સુત્રોના જણાંવ્યા મુજબ અરજદારોએ અરજી પત્રકની સાથે આવક અંગેના તેમજ રહેઠાંણના પુરાવા અને સોગંદનામુ રજુ કરવાનુ હોય છે. ત્યારે ગુડાના તંત્ર દ્વારા લાભાર્થી પ્રત્યે સહાનુભતિ દાખવી મુદતમાં ફેરફાર કરાયો છે. ઓન લાઈન અરજી મારફતે પણ સાંજે ૪ વાગ્યા સુધી જ ફોર્મ ભરી શકાશે.

સેકટરોમાં એલ ઈ ડી લાઈટો ડુલ રહેતા અંધારપટ્ટથી સ્થાનિક રહીશો ત્રસ્ત

સેકટરોના આંતરિક માર્ગો પર વારંવાર સ્ટ્રીટ લાઇટો ડુલ થાય છે : સે-૨૪ આદર્શ નગર વિસ્તારમાં પણ લાઇટો બંધ રહેતા અંધારૂ

ગાંધીનગર તા ૧૬

શહેરમાં એલ ઈ ડી લાઈટો છાશવારે બંધ થતા સેકટરોમાં અધારપટ્ટ છવાઈ જતો હાવોની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. સેકટરાના આંતરિક માર્ગોપર અવાર નવાર લાઇટો ડુલ થઈ જાય છે. હાલ સે-૨૪ આદર્શનગર વિસ્તાર તેમજ સે-૨૪ / ૨૭ સર્કલની લાઇટો પણ ડુલ છે. જેના પરિણામે સેકટરોમાં સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઈ જાય છે. બંધ લાઇટોની ફરિયાદો સંદર્ભે ત્વરિત પગલા લેવાય તેવી માંગ પણ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરમાંછેલ્લા ત્રણ મહીનાથી એલ ઈ ડી લાઈટનુ અજવાળુ પથરાયુ છે. સેકટરોમાં આંતરિક માર્ગોપર એલ ઈ ડી લાઈટનુ ફીટીંગ કરી દેવાતા નગરના સેકટરોમાં પણ એલ ઈ ડી લાઈટની ઝળહળા જોવા મળી રહી છે. પરંતુ સેકટરોમાં એલ ઈ ડી લાઈટો ફીટ કરાયા બાદ સ્થાનિક રહીશોમાં લાઇટો ડુલ રહેતી હોવાની ફરિયાદો વધી છે. થોડા સમય અગાઉ સેકટરોના મુખ્ય માર્ગોપર પણ અંધારપટ્ટ છવાયો હતો. જયારે હાલ પણ સેકટરોમાં એલ ઈ ડી લાઈટો કેટલી ચાલુ છે. તે અંગે તંત્ર દ્વારા સર્વે હાથ ધરવાની અનિવાર્યતા છે. શેહરના મુખ્ય માર્ગોતેમજ સેકટરોના આંતરિક માર્ગોપર એલ ઈ ડી લાઈટનુ ફીટીંગ કરાયા બાદ સ્ટ્રીટ લાઈટોની ફરિયાદોનો અંત આવશે તેમ નગરજનો માની રહયા હતા. પરંતુ હાલ પણ સ્ટ્રીટ લાઈટો ડુલ થવાની ફરિયાદોનો સીલસીલો યથાવત છે. શહેરના સે-૨૪ માં સ્ટ્રીટ લાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદો સ્થાનિક રહીશોના રોષનુ કારણ બની છે.

સે-૨૪ ના આદર્શ નગર વિસ્તારમાં સ્ટ્રીટલાઈટો ઘણાં સમયથી બંધ હાલતમાં છે. જયારે સે-૨૪ અને ૨૭ ના સર્કલમાં પણ લાઈટીંગ પોલ્સ બંધ રહેતા અંધારપટ્ટ છવાયેલો જોવા મળે છે. શેહરમાં સ્ટ્રીટ લાઈટની જાળવણીની જવાબદારી ટોરેન્ટ પાવરને મુક્ત કરાયા બાદ હાલ એલ ઈ ડી લાઈટની એજન્સી કક્ષાએથી જ લાઈટની જાળવણી કરવામાં આવે છે. જયારે આમ નાગરિકોની ફરિયાદોનુ નિરાકરણ આવે તે માટે તંત્ર દ્વારા પણ હેલ્પલાઈન શરૂ કરવામાં આવી નથી. જેના પરિણામે નાગરિકોએ બંધ લાઈટની ફરિયાદો ક્યાં કરવી તે મામલે પણ મુંઝવણ અનુભવતા હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે.

વિધાનસભામાં ગાંધીનગર

- ધનંજય જોષી

લાખની આવક થઈ છે. સાણંદના કરમશીભાઈના પ્રશ્નનના ઉત્તરમાં જણાંવાયા મુજબ જિલ્લામાં ખનીજ ચોરીના ૫૯ કેસમાં રૂ ૮૩૩.૭૭ લાખના દંડની રકમ વસુલવાની બાકી છે. ધંધુકાના ધારાસભ્ય લાલજીભાઈ કોળીના પ્રશ્નના ઉત્તરમાં ખાણ ખનિજ મંત્રીએ જવાબમાં જણાંવ્યા મુજબ ખનીજ ચોરી અટકાવવા માટે ચિલોડા ખાતે ચેક પાસ્ટ ઉભી કરવામાં આવી છે. જિલ્લા કક્ષાએ ટાસ્ક ફોર્સ તથા ગ્રીવન્સ રીડ્રેસલ કમિટી અસ્તિત્વમાં આવી છે. જયારે રાજ્ય કક્ષાએ ફલાઈંગ સ્કોવોર્ડ તેમજ જિલ્લા કક્ષાએ કચેરી દ્વારા નિયમિત તેમજ આકસ્મિક ચેકીંગ હાથ ધરી ખનીજ ખોદકામ વહન અને સંગ્રહની ચકાસણી કરી દંડ પણ વસુલવામાં આવે છે.

ટેક્ષટાઇલ એકમોમાં ૧૭૩.૬૪ કરોડનુ રોકાણ

ગાંધીનગર જિલ્લામાં ટેક્ષટાઈલ પાલીસી ૨૦૧૨ અન્વયે આ ક્ષેત્રમાં કેટલી અરજીઓ આવી ગાંધીનગર ઉત્તરના ધારાસભ્યના પ્રશ્નના જવાબમાં ઉદ્યોગમંત્રીએ રજુ કરેલા જવાબમાં જણાંવ્યા મુજબ છેલ્લા બે વર્ષમાં કુલ ૧૨ અરજીઓ આવી છે. જયારે આ એકમોમાં ૧૭૩.૬૪ કરોડનુ રોકાણ કરવામાં આવ્યુ છે.

પરવાના વિના ધમધમતી ૬૦ હોટલ રેસ્ટોરન્ટના માલિકો સામે ગુન્હો નોંધાયો

ગાંધીનગર જિલ્લામાં હોટલ લાયસન્સના નવા પરવાના તેમજ રીન્યુ માટે કેટલી અરજીઓ આવી તેમજ પરવાના સિવાય ચાલતી હોટલો સામે શુ પગલા લેવાયા ? કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના ઉત્તરમાં ગૃહ મંત્રીએ જણાંવ્યુ હતુ કે જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં હોટલ પરવાના રીન્યુ કરવા માટે ૨૨ અરજીઓ મળી છે.જયારે નવા પરવાના મેળવવા માટે ૧૧૭ અરજીઓ મળી હતી. જયારે આ અરજીઓ અન્વયે ૪૯ કિસ્સામાં મંજુરી આપવામાં આવી છે. જયારે પોલીસ અભિપ્રાય

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com